ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૦/૦૫/૨૦૨૬

## ઈસ્ટ-વેસ્ટ કોરિડોરથી શહેરને નવી ઓળખ મળશે

# અમદાવાદમાં મોડેલ, આઈકોનિક રોડ બનાવવા માટે રૂ. ૩૩૫ કરોડ ખર્ચાશે

અમદાવાદ,મંગળવાર

વર્ષ-૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અગાઉ અમદાવાદને વિશ્વકક્ષાની ઓળખ મળે એ પ્રકારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા ૩૩૫ કરોડના ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા છે. શહેરમાં ૧૦.૨૩ કિલોમીટર લંબાઈમાં ઓગણજ સર્કલ થઈ અખબારનગર રોડ થઈ દધિચી બ્રિજ સુધી ઈસ્ટ-વેસ્ટ કોરિડોરથી શહેરને નવી ઓળખ મળશે. ૫૦ કિલોમીટરથી વધુ લંબાઈમાં મેટ્રો કનેક્ટિવિટી,સ્પોર્ટસ થીમ આધારીત આયોજનથી લોકો માટે સુવિધાજનક રોડ બનાવાશે તેવો દાવો રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

## ૫૦ કિલોમીટરથી વધુ લંબાઈમાં મેટ્રો કનેક્ટિવિટી, સ્પોર્ટસ થીમ આધારિત આયોજનથી 'પીપલ ફ્રેન્ડલી રોડ' બનાવાશે

થલતેજ ચાર રસ્તાથી હેલ્મેટ સર્કલ અને હેલ્મેટ સર્કલથી વિજય ચાર રસ્તા સુધી ૩.૪૦ કિલોમીટર લાંબો મેટ્રો પ્રિસિંકટ રોડ બનાવાશે. ચીમનભાઈ ફ્લાયઓવરબ્રિજ એઈસી ક્રોસ રોડથી મોટેરા ક્રોસ રોડ તથા મોટેરા ક્રોસ રોડથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને વિશ્વકર્મા મેટ્રો સ્ટેશન સુધી ૪.૨૦ કિલોમીટર લાંબો સ્પોર્ટસ થીમ આધારિત રોડ બનાવવામાં આવશે. વિજય ચાર રસ્તાથી જુની પાસપોર્ટ ઓફિસ અને સેપ્ટ ચાર રસ્તાથી કોમર્સ છ રસ્તા સુધી ૧.૭૦ કિલોમીટર લંબાઈનો એજ્યુકેશનલ નોલેજ સોસાયટી રોડ તેમજ આશ્રમ રોડથી પશ્ચિમ રિવરફ્રન્ટને જોડતા વિવિધ એન્ટ્રી પોઈન્ટ સુધી ૧.૩૦ કિલોમીટરનો કનેક્ટિવિટી

### એન.સી.સી. ચોકથી મીઠાખળી સર્કલ સુધી રોડ ડેવલપ કરવાનું આયોજન

૬.૬૦ કિલોમીટર લંબાઈમાં લો-ગાર્ડન આસપાસનો રોડ ડેવલપ કરવામા આવી રહ્યો છે. આ ઉપરાંત એન.સી.સી.ચોકથી માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ થઈ જલારામ અંડરપાસ રોડ, જીઆઈસીએઈથી પંચવટી સર્કલ રોડ, મીઠાખળી ક્રોસ રોડથી માઉન્ટ કાર્મેલ સ્કૂલ, કોમર્સ છ રસ્તાથી મીઠાખળી સર્કલ સુધી રૂપિયા ૯૯.૯૦ કરોડના ખર્ચથી રોડ ડેવલપ કરવામાં આવશે.આ પ્રોજેક્ટ હેઠળ પાર્કિંગ,પ્લાન્ટેશન સાથેનો વોકવે તેમજ નવા લાઈટ પોલ જેવી સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.




### લોકોને શું સુવિધા મળશે?

આ પ્રકારના રોડના આયોજનથી લોકોને મુખ્ય કેરેજ વે ઉપરાંત રાહદારીઓ માટે ફૂટપાથ, સાયકલ ટ્રેક,ઓટો રીક્ષા સ્ટેન્ડ, બેસવાની સુવિધા, લેન્ડસ્કેપ, પ્લાન્ટેશન,બાળકો માટે પ્લે એરીયા, રમતગમતની સિધ્ધિઓ દર્શાવતા આર્ટ ઈન્સ્ટોલેશન,પેનલ પણ મુકવામા આવશે.

### મોડેલ રોડ કયાં-કયાં બનશે

કેસર વાટિકા બંસરી સર્કલથી રીંગરોડ,નાના ચિલોડાથી કરાઈ રીંગ રોડ, કેસર સર્કલથી નેશનલ હેન્ડલૂમ રોડ, સોનીની ચાલીથી ઓઢવ ફાયર સ્ટેશન થઈ સરદાર પટેલ રીંગ રોડ, જડેશ્વર ચાર રસ્તાથી એસ.પી.રીંગ રોડ, ચાણક્યપુરીથી રન્નાપાર્ક, પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી એસ.જી.હાઈવે સુધી.